


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-39 ■ તા. 24-09-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## નવી સંસદનું નામ મોદી મલ્ટિપ્લેક્સ હોવું જોઈએ : જયરામ રમેશ



કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે શનિવારે જૂની અને નવી સંસદની ઈમારતોની સરખામણી કરી હતી. તેમણે જૂની ઈમારતને વધુ સારી ગણાવી. તેમણે કહ્યું કે નવી સંસદ, જે ખૂબ જ ધામધૂમથી શરૂ કરવામાં આવી હતી, તે પીએમ મોદીના ઉદ્દેશ્યોને સારી રીતે પૂર્ણ કરી રહી છે. તેને મોદી મલ્ટીપ્લેક્સ કે મોદી મેરિયોટ કહેવું જોઈએ.એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેણે કહ્યું કે મેં સંસદના બંને ગૃહોમાં અને લોબીમાં પણ જે જોયું, નવી સંસદમાં કાર્યવાહી શરૂ થયાના ચાર દિવસ પછી, તેને સંવાદનું મૃત્યુ કહી શકાય. જો આર્કિટેક્ચર બંધારણને ખતમ કરી શકે છે, તો પીએમ મોદી બંધારણને ફરીથી લખ્યા વિના તેની હત્યા કરવામાં સફળ થયા છે.જયરામે કહ્યું કે નવી ઈમારતમાં એકબીજાને જોવા માટે દૂરબીનની જરૂર પડશે કારણ કે છીદ્ર નાના નથી, તે એટલા આરામદાયક નથી. જૂની સંસદ ભવન માત્ર દિવ્ય આભા જ નહીં, પણ ચર્ચાને પ્રોત્સાહન પણ આપતું હતું. ગૃહો, સેન્ટ્રલ હોલ અને વચ્ચે ફરવું સરળ હતું.તેમણે એમ પણ કહ્યું હતું કે આ નવી ઈમારત તે પ્રકારનું બોન્ડિંગ નબળું પાડે છે જે ગૃહને સફળતાપૂર્વક ચલાવવા માટે સાંસદો વચ્ચે તે બોન્ડિંગ હોવું જોઈએ. બંને ગૃહો વચ્ચે સંકલન જાળવવું ખૂબ જ જટિલ બની ગયું છે. જો તમે જૂની ઈમારતમાં ખોવાઈ ગયા હો, તો તમારો રસ્તો શોધવો ખૂબ જ સરળ હતો કારણ કે ઈમારત ગોળ હતી. જો તમે નવા ભવનમાં ખોવાઈ જાઓ છો, તો તમે રસ્તામાં ભટકી જશો.કોંગ્રેસ નેતાએ કહ્યું કે જૂની ઈમારત તમને જગ્યા અને મોકળાશ આપતી હતી, જ્યારે નવી ઈમારતમાં ગૂંગળામણનો અનુભવ કરાવે છે. માત્ર સંસદમાં બેસવાનો આનંદ ગાયબ થઈ ગયો છે. નવી સંસદ ભવન તકલીફ આપતી અને પીડાદાયક છે. મને ખાતરી છે કે અન્ય પક્ષોના મારા સાથીદારો પણ એવું જ અનુભવે છે.તેમણે કહ્યું કે મેં સચિવાલયના કર્મચારીઓ પાસેથી સાંભળ્યું છે કે તેમના કામ માટે જરૂરી એવી ઘણી સુવિધાઓને નવા બિલ્ડિંગની ડિઝાઇનમાં ધ્યાનમાં લેવામાં આવી નથી. જ્યારે તમે બિલ્ડિંગનો ઉપયોગ કરવાના હોય તેવા લોકોને ધ્યાનમાં લેતા નથી ત્યારે આવું થાય છે.

## વલસાડથી સુરત જતી હમસફર એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગી, જનરેટર કોચમાં આગ લાગતાં દોડધામ મચી

ગુજરાતમાં ટ્રેનમાં આગ લાગવાની સતત બીજી ઘટના પ્રકાશમાં આવી છે. (ઊઁદ્બજઙ્કક્કઙ્ગ ઈટૅીજિજ ંદ્બિહ)વલસાડથી સુરત જતી ટ્રેનમાં આગ લાગતાં મુસાફરોમાં અફરાતફરી મચી જવા પામી હતી. આગ લાગવાની ઘટના બનતાં જ મુસાફરોને સુરક્ષિત બહાર મોકલી દેવામાં આવ્યા હતાં. વલસાડ રેલવે વિભાગે સાયરન વગાડીને આગ અંગેની જાણકારી આપી હતી. આગ કયા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે વલસાડથી સુરત જતી હમસફર એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની ઘટના બની છે. વલસાડના છીપાવાડ વિસ્તાર નજીક આગની ઘટના બનતાં મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. આગ લાગવાની ઘટનાને લીધે રેલવે વિભાગના



અધિકારીઓ દોડતા થઈ ગયા હતાં. ટ્રેનના જનરેટર કોચમાં લાગેલી આગને કાબુમાં લેવાનો પ્રયાસ શરૂ કરવામાં આવ્યોછે. આગ કયા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. વલસાડ રેલવે વિભાગે સાયરન વગાડીને આગ લાગ્યાની જાણકારી આપી હતી. ટ્રેનમાંથી મુસાફરોને રેલવેના અધિકારીઓએ સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હોવાથી મોટી જાનહાની ટળી હતી.

## થરાદ એસટી ડેપો સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડાડતા દેખાયા...



સરકાર દ્વારા સફાઈ માટે લાખો રૂપિયા આપવામાં આવે છે પરંતુ થરાદ એસટી ડેપોમાં સફાઈ નો અભાવ જોવા મળ્યો થરાદ એસટી ડેપોમાં ગંદકી જોવા મળતા મુસાફરો રોષ જોવા મળ્યો હતો . સ્વચ્છતા અભિયાન લઈ અને સરકાર દ્વારા અનેક કાર્યક્રમો કરવામાં આવે છે અને સ્વચ્છતા જાળવી તેના માટે પણ લોકોને જાગૃતિ રાખવા માટેના કાર્યક્રમ યોજવામાં આવે છે ત્યારે થરાદ એસટી ડેપો ની અંદર સફાઈ નો અભાવ જોવા મળ્યો હતો .

## વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર સક્રિય નહીં થાય તો શું ચંદ્રયાન-૩ મિશન નિષ્ફળ જશે?

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને ૨૨ સપ્ટેમ્બરે વિક્રમ અને પ્રજ્ઞાનને પુનર્જીવીત કરવાનો પ્રયાસ કર્યો. જેણે ચંદ્રની સપાટી પર સતત ૧૪ દિવસની ઠંડી રાતો વિતાવી. જોકે ઈસરોને હજુ સુધી આમાં સફળતા મળી નથી. સ્પેસ એપ્લીકેશન સેન્ટર (એસએસી)ના ડાયરેક્ટર નિલેશ એમ. દેસાઈ કહે છે કે આ એક ઓટોમેટિક પ્રક્રિયા છે. તેને પૃથ્વી પરથી દૂરથી શરૂ કરી શકાતી નથી. સૌર ઉર્જાથી ચાલતા લેન્ડર અને રોવર રિચાર્જ થયા પછી જ સિગ્નલ મળવાની અપેક્ષા છે. ચંદ્રયાન જ્યાં લેન્ડ થયું હતું ત્યાં ૨૨ સપ્ટેમ્બરે સૂર્યોદય થયો હતો.

ચંદ્રમાંથી હજુ સુધી કોઈ



સકારાત્મક સંકેત મળ્યા નથી. જેના કારણેં જીઈંના વૈજ્ઞાનિકોને નિષ્ક્રિય અવકાશયાન સાથે સંપર્ક સ્થાપિત કરવા માટે તેમના પ્રયત્નોને વધુ તીવ્ર બનાવવાની ફરજ પડી છે. ઈસરોની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરતા દેસાઈએ જણાવ્યું હતું કે, ×ઈસરોના ટ્વીટ પરથી સ્પષ્ટ થાય છે કે લેન્ડર અને રોવર સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તે આપમેળે ફરી જીવંત થશે અને સિગ્નલ મોકલશે. અત્યાર સુધી કોઈ સિગ્નલ પ્રાપ્ત થયું નથી.×

જો લેન્ડર અને રોવર ફરી ઊભું થાય તો ચંદ્રની સપાટી પર વધુ પ્રયોગો હાથ ધરવામાં આવશે. ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક માયલેસ્વામી અન્નાદુરાઈએ પ્રજ્ઞાન રોવર વિશે આશાવાદ વ્યક્ત કર્યો છે, તેના વ્યાપક પરીક્ષણને ટાંકીને. હું પ્રજ્ઞાન વિશે ખૂબ આશાવાદી છું કારણ કે, તેનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. પરંતુ લેન્ડરની રાહ જોઈશ.

## ગાંધીનગરના અડાલજ ખાતે સાત જિલ્લાનો પંચાયત વિકાસ સૂચકાંક વર્કશોપ યોજાયો

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામ ખાતે આવેલા શારદામણિ કોમ્યુનિટી સેન્ટરમાં પંચાયત વિકાસ સૂચકાંક (ૅંડ્ઢૈં) અંગેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપને વિકાસ કમિશનરશ્રીની કચેરીના અધિક વિકાસ કમિશનર શ્રી ડૉ. ગૌરવ દહિયાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં ગાંધીનગર, અમદાવાદ, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાના ૅંડ્ઢૈં નોડલ અધિકારીશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ડીએલઈ,



તમામ જિલ્લાઓના તાલુકા વિકાસ અધિકારીઓ અને ટીએલઈશ્રીને પંચાયત વિકાસ સૂચકાંક અંતર્ગત થનાર કામગીરીની વિસ્તૃત સમજ અધિક વિકાસ કમિશનર શ્રી ડૉ. ગૌરવ દહિયા તેમજ એસઆઈઆરડી શ્રી નીલાબેન પટેલ ફેકલ્ટી દ્વારા આપવામાં આવી હતી.

## યુવાઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે': સનાતન ધર્મ વિવાદ પર એક્ટર કમલ હાસને ઉદયનિધિ સ્ટાલિનનો કર્યો બચાવ

કોઈમ્બતુર, તા. ૨૩

સાઉથના ફેમસ એક્ટર કમલ હાસને તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનના પુત્ર ઉદયનિધિ સ્ટાલિનનો બચાવ કર્યો છે. ઉદયનિધિએ સનાતન ધર્મ પર વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. ત્યારબાદ હવે કમલ હાસને કહ્યું કે, નાના બાળક ઉદયનિધિને માત્ર એટલા માટે ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે કારણ કે, તેણે સનાતનની વાત કરી હતી. જ્યારે આપણને બધાને પેરિયારના કારણે જ 'સનાતન' શબ્દનું જ્ઞાન થયુ છે.

મક્કલ નિધિ મય્યમ પ્રમુખ કમલ હાસને પેરિયારનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઉદયનિધિના પૂર્વજો પણ આ અંગે ઘણુ બોલ્યા છે. આ કોઈ નવી વાત નથી. પેરિયારે તો બનારસના મંદિરમાં પૂજા કરી, માથું ઝુકાવ્યું હતું અને તિલક પણ લગાવ્યુ હતું. તેમણે સનાતન ધર્મ અંગે ઘણુ જણાવ્યું હતું. પરંતુ વિચારો કે, તેમના અંદર કેટલો ગુસ્સો રહ્યો હશે કે, તેમણે એક ક્ષણમાં તમામ વસ્તુઓ છોડી દીધી અને માનવ સેવાનો રસ્તો





અપનાવી લીધો. અંતિમ સમય સુધી તેમણે સમાજની સેવા કરી

કોઈમ્બતુરમાં યોજનારી એક બેઠકમાં કમલ હાસને કહ્યું કે, ડ્ઢસ્દ્ર અથવા કોઈ બીજી પાર્ટી પેરિયારને પોતાના ન ગણાવી શકે કારણ કે, સમગ્ર તમિલનાડુ પેરિયારને પોતાનો આદર્શ માને છે અને તેમના વિચારોને માને છે.તમિલનાડુના યુવા કલ્યાણ મંત્રી ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના ડેન્ગ્યુ-મેલેરિયા સાથે કરી હતી અને કહ્યું હતું કે, આ બીમારીઓની જેમ સનાતન ધર્મને પણ ખતમ કરી દેવો જોઈએ. ઉદયનિધિના આ નિવેદન બાદ રાજકારણ ગરમાયુ છે. બીજેપી અને વિપક્ષી નેતાઓએ તેને લઈને ટિપ્પણી કરી છે.

## તંત્રી લેખ......

# કોમર્શિયલ વ્હીકલ અંગેના નવા નિયમોથી ભાવ ૧૦-૧૨% વધશે

રેટિંગ એજન્સી ઈકરાએ સોમવારે કહ્યું હતું કે કોમર્શિયલ વ્હીકલ સંબંધિત અનેક પ્રસ્તાવિત નિયમોનો અમલ થશે તો વાહનોના ભાવ ૧૦-૧૨ ટકા વધશે. ઈકરાએ કોમર્શિયલ વ્હીકલ ઈન્ડસ્ટ્રી અંગેના તેના રિપોર્ટમાં કહ્યું હતું કે સ્થાનિક ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રી મોટાપાયે પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. સરકાર પ્રદૂષણ સંબંધિત નિયમોનો અમલ કરવા પર ફોકસ વધારી રહી છે. આ ઉપરાંત સલામતી સહિતના ધોરણો પણ વધારી રહી છે જેથી આ ઈન્ડસ્ટ્રી અન્ય મહત્વના ઓટોમોટિવ માર્કેટને સમકક્ષ બની શકે. તેણે કહ્યું કે સ્થાનિક બજારમાં પણ કોમર્શિયલ વ્હીકલ સેક્ટર ફોકસમાં છે કારણ કે વાહનોનું ખાસ્સું એવું પ્રદૂષણ આ સેગમેન્ટના વાહનોથી થાય છે. ડ્રાઈવર કમ્ફર્ટ અને સેફટી સંબંધિત માપદંડનું પાલન કરવાથી ડ્રાઈવિંગ પરિસ્થિતિ સારી થશે અને રોડ પર સલામતી વધશે. તાજેતરના વર્ષોમાં રેગ્યૂલેટરી સંબંધિત અનેક હસ્તક્ષેપ થયા છે. ટૂંકા સમયગાળામાં પ્રદૂષણ સંબંધિત આકરા નિયમોનો અમલ કરવામાં આવ્યો છે. ડ્રાઈવરની સલામતી માટે ટ્રકની કેબિનમાં ફરજિયાત એસી જેવા કાયદા અને સલામતી સંબંધિત એડવાન્સ્ડ બ્રેકિંગ સિસ્ટમ્સ (છમ્જી), સ્પીડ લિમિટિંગ ડિવાઈસીસ (જીન્ઙ), વગેરેની જાહેરાત સરકારે કરી છે. ડ્રાઈવર કેબિનમાં એસીનો અમલ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ફરજિયાત થઈ કરવાની જાહેરાત થઈ ગઈ છે. રેટિંગ એજન્સીએ કહ્યું હતું કે આ પ્રસ્તાવિત ફેરફારનો અમલ કરવાથી વાહનોના ભાવ ૧૦-૧૨ ટકા વધશે. તેની સામે ફાયદો એ છે કે સલામતી વધશે, ડ્રાઈવરો આરામદાયક રીતે વાહન ચલાવી શકશે, નિકાસનું માર્કેટ વધશે.

# પત્રાવળી-૧૨




રવિવારની સવાર

(૧)

હ્યુસ્ટનની સાહિત્ય સરિતાના માનવંતા સભ્ય, https://smunshaw.wrodpress.com પર, જમીનના સિતારા જેવાદિવ્યાંગ બાળકોની વાતો લખતાં રહેતાં અને 'નોખાંઅનોખાં'નાં મૂળ લેખિકા શૈલાબેન મુન્શા લખે છે

પ્રિય દેવિકાબહેન અને પત્રાવલિના અન્ય મિત્રો, સહુ પ્રથમ હાર્દિક અભિનંદન; નવા વર્ષે નવી શબ્દોનીપત્રાવલિ પીરસવા માટે. આપની સાથે અમારા જ્ઞાનની પણકસોટી થશે. તમારો પ્રથમ શબ્દ, "પત્રાવલિ" શબ્દોનીવિવિધતા સાથે ભોજનની વિવિધતા પણ જેમાં પીરસાય એપત્રાવલિ. પારંપારિક લગ્ન પ્રસંગે ભોજન હંમેશપત્રાવલિમાં જ પીરસાતું. આશા છે આપને આ અર્થ ગમશે.

આપના પત્રલેખનના પ્રયોગ પછી આ નવતર પત્રાવલિમાંજોડાવાનું મન થઈ ગયું. કેટકેટલા શબ્દો, રોજરોજ વપરાતાપણ નવા નવા અર્થોનો ઉઘાડ.

જુઓને, પર્જન્ય શબ્દના કેટલા અર્થ થાય છે? એક જાતનોમેઘ જે વરસતાં હજાર વર્ષ સુધી જમીનમાં ચીકાશ રહે તેવો. ગુજરાતી ભાષાની સમૃદ્ધિ પણ એવી જ તો રહેશે. પર્જન્યએક પણ એના અર્થ અનેક. પર્જન્ય-કશ્યપ ઋષિનો એનામનો પુત્ર જેની ગણના ગાંધર્વમાં થાય છે. ગર્જના કરતુંવાદળું અને ઈંદ્ર પણ તો પર્જન્યના નામે ઓળખાય છે ને!! વિષ્ણુ મેઘવૃષ્ટિ કરનારા છે, વળી આનંદસુખની વૃષ્ટિકરનાર પણ તે છે, માટે વિષ્ણુ ભગવાન પર્જન્ય કહેવાય છે. પુરાણમાં તો સવિતા નામના આદિત્યનુ બીજું નામપર્જન્ય, દર વર્ષે ફાગણ મહિનામાં સૂર્યમંડળ ઉપર તેનું

# સ્ટ્રીટ વેન્ડર અને પાર્કિંગ પોલિસી આખરી તબક્કામાં:શહેરમાં ૨૩ સ્થળોએ ૬ હજાર ફેરિયા માટે વેન્ડિંગ ઝોન બનાવવામાં આવશે

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન નિવારવા માટે અને વિવિધ સ્થળોએ લારી- ગલ્લા મૂકી વેપાર કરતા ફેરીયાઓને શહેરમાં ચોક્કસ સ્થળ નક્કી કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવી રહેલો સ્ટીટ વેન્ડર અને પાર્કિંગ માસ્ટર પ્લાન હવે આખરી તબક્કામાં છે. આ નવી પોલીસી મુજબ શહેરમાં ફેરીયાઓને વેપાર કરવા માટે ૨૩ જેટલા લોકેશન નિયત કરવામાં આવનાર છે. ૬ હજાર જેટલા ફેરીયાઓને આ સ્થળે જગ્યા ફાળવવામાં આવશે. જોકે, તે જગ્યા પર માલિકી હક્ક નહી મળે.ગાંધીનગર શહેરમાં હાલ વિવિધ રસ્તાઓ, જાહેર સ્થળોએ અને વાણિજ્ય વિસ્તારમાં પાર્કિંગ તેમજ રસ્તા પર લારી-ગલ્લાઓ આડેધડ ઉભા રહે છે. જેના કારણે ટ્રાફિક અને પાર્કિંગના પ્રશ્નો ઉભા થાય છે. જાહેર માર્ગ પર અડચણરૂપ લારી ગલ્લાને કારણે વારંવાર દબાણ હટાવવાની કવાયત કરવી પડે છે. આ સ્થિતિ નિવારવા અને શેરી ફેરીયાઓ કોઈપણ અડચણ વિના ચોક્કસ સ્થળે પોતાનો ધંધો કરી શકે તે માટે મનપા દ્વારા સ્ટ્રીટ વેન્ડર પાર્કિંગ પોલીસી બનાવવામાં આવી રહી છે.આ મુદ્દે મહાનગરપાલિકામાં મેયર હિતેષ મકવાણા, સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન જશવંત પટેલ, મ્યુનિસિપલ કમિશનર જે.એન.વાઘેલા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કન્સલ્ટન્ટની બેઠક મળી હતી. આ બેઠકમાં પોલીસ અધિકારીઓને હાજર રાખવામાં આવ્યા હતા સાથે ક્રેડાઈ સાથે જોડાયેલા બિલ્ડરો પણ બેઠકમાં ઉપસ્થિતિ રહ્યા હતા. આ બેઠકમાં સ્ટ્રીટ વેન્ડર્સને જગ્યા ફાળવવાના સ્થળો અને સાથે પાર્કિંગની વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા થઇ હતી.ગાંધીનગરમાં અલગ અલગ ૨૩ જેટલા સ્થળોએ હાલ ૬ હજાર જેટલા ફેરીયાઓ છે. જેઓ હાલ અલગ અલગ છૂટા છવાયા ઉભા રહે છે. તેમને સંગઠીત કરીને ચોક્કસ સ્થળ ફાળવવામાં આવશે. આ ૨૩ સ્થળોએ મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટ, મેદાન વગેરેમાં જગ્યા ફાળવવામાં આવશે. આ સાથે આ સ્થળોએ ખરીદી કરવા માટે આવતા નાગરિકોના વાહનોના પાર્કિંગ માટેની સુવિધા પણ રખાશે. હાલ મહાનગરપાલિકા પાસે ૬ હજાર ફેરીયાઓનો ડેટા છે.આ સિવાય સર્વે કરીને વધારે ફેરીયાઓ હશે તો તેને પણ આવરી લેવાશે. ફેરીયાઓને મહાપાલિકાએ નિયત કરેલા સ્થળોએ ઉભા રહેવા માટેના લાયસન્સ આપવામાં આવશે. આ જગ્યા પર તેઓ માલિકી હક્ક વસૂલી નહી શકે તેમજ ત્યાં ઉભા રહેવા માટે પણ મહાનગરપાલિકા દ્વારા નિયત ફી વસૂલવામાં આવશે. હાલ આ પ્લાન અંગે કાયદાકીય બાબતો તેમજ ફીના ધોરણો અંગે પરામર્શ કરવામાં આવ્યો છે. ટૂંક સમયમાં નિયમો જાહેર કરીને વાંધા સૂચનો મંગાવવામાં આવશે.

# અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં જિલ્લા કલેકટરશ્રી વરુણ કુમાર બરનવાલના હસ્તે વર્ચ્યુઅલ રિયાલિટી કેન્દ્ર ઉદ્ઘાટન કરાયું

ગુજરાતના સૌથી મોટા મેળાઓ પૈકીના એક એવા આદ્યશક્તિ મા અંબાના ધામ અંબાજી ખાતેના ભાદરવી પૂનમના મેળા નો આજથી વિધિવત પ્રારંભ થયો છે ત્યારે મેળામાં આ વખતે ઘણી નવી પહેલ કરવામાં આવી છે. આસ્થા સાથે મેળાનું આકર્ષણ જળવાઈ રહે એવા નવીન અભિગમને ધ્યાનમાં રાખી યાત્રિકો અને માઈભક્તો મેળામાં એક સ્થળેથી અંબાજી મંદિર, ગબ્બર, ૫૧ શક્તિપીઠ સહિતના મંદિરોના દર્શન કરી શકે એ માટે વર્ચ્યુઅલ રિયાલિટી કેન્દ્રની સુવિધા ઉભી કરવામાં આવી છે.



જેનું આજે મેળાના પ્રારંભે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કલેકટરશ્રી એ પોતે આ ટેકનોલોજીનો અનુભવ માણી અંબાજી આવતા માઈભક્તોની આ સુવિધાનો લાભ લેવા અપીલ કરી હતી.

અંબાજીના ભાદરવી પૂનમના મેળાની આગવી ઓળખ પગપાળા સંઘ છે. મેળામાં પકૃતિ અને સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે. લોકોની રહેવા, જમવાની અને વિશ્રામ એમ તમામ પ્રકારની સવલતો સચવાય એ પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે ત્યારે ભાતીગળ મેળામાં આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લોકોને તમામ સુવિધાઓ સાથે મનોરંજન અને આકર્ષણ આપવા વોટ્સએપ ચેટ બોટ, ક્યું આર કોડ, ગુગલ મેપ્સ જેવી આજના યુગની અનિવાર્ય ટેકનોલોજીની સાથે વર્ચુઅલ રિયાલિટીનો અદભુત અનુભવ મળે એવો નવતર પ્રયાસ કરવામાં આવ્યો છે.

જેના થકી યાત્રિકો સમગ્ર મેળા ના મહોલનો વર્ચ્યુઅલ અનુભવ એક જ સ્થળે બેસીને માણી શકે છે.

# સાયબર છેતરપિંડીના બનાવો વધી રહ્યા છે

હવેના આધુનિક યુગમાં બનાવટ છેતરપિંડીના બનાવોના પ્રકારો પણ બદલાય રહ્યા છે એમાં પાછું ઈન્ટરનેટની બોલબાલા છે લગભગ દરેક માણસ પાસે સ્માર્ટ ફોન હોય છે આવામાં ઓનલાઇન છેતરપિંડીથી આપનું બેંક એકાઉન્ટ સાફ થવાના બનાવો વધી રહ્યા છે આપણે સોશિયલ મીડિયા વાપરવામાં ખુબ સ્માર્ટ છે પણ આપણામાંથી કેટલાક ક્યારેય આ લોકોનો શિકાર બની જાય છે અને છેલ્લા બેંક એકાઉન્ટ સાફ થઈ જાય છે ઓનલાઇન છેતરપિંડી થતી હોય તો શું ધ્યાન રાખવું શું કરવું અને શું ના કરવું?



સાયબર છેતરપિંડીમા સામાન્ય રીતે અજાણી લિંક મોકલવી.ઓ.ટી.પી.માંગવું.જોબ ઈન્ટરવ્યૂ માટે ઓનલાઇન લે વેચ માટેની સાઈટ પર નકલી ઓળખ મારફત પૈસા પડાવવા મૈટ્રીમોનિયલ સાઈટ પર નકલી આઈ.ડી.બનાવી વિધવા મોટી ઉંમરની મહિલાઓ અથવા તો દિવ્યાંગ મહિલાઓને લલચાવી તેમની સાથે આર્થિક અપરાધ કરવા ક્યુઆર.કોડ મારફત છેતરપિંડી બેંકના નામે ફોન કરી ડેબિટ કાર્ડ અપડેટના ફોન કરી આ લોકો વિવિધ પ્રકારની છેતરપિડી કરે છે

: આર્થિક અપરાધની વાત કરીએ તો અમુક સાયબર ચોરો ઓરિજિનલ એપ્લિકેશન અથવા તો એ સાઈટના જેવી જ દેખાતી ભળતી બ્રાન્ડ બનાવી સસ્તી ચીજ વસ્તુઓ આપવાની વાત કરે છે પરંતુ પેમેન્ટની કન્ડિશન ઓનલાઇન રાખવાનું કહે છે સસ્તું મેળવવાની લાલચમાં જો આપણે ઓનલાઇન પેમેન્ટ કરીએ તો આપણે જાણ્યે અજાણ્યે આપની ગુપ્ત માહિતી એ લોકોને આપી દેતા હોય છે કોઈ અજાણી વ્યક્તિને આપી દઈએ છીએ

દરેક લોકો આવું નથી કરતા પરંતુ આપના પૈસા ઊડી ગયા પછી આપણને ખબર પડે છે બાકી કોઈનો ચહેરો જોઈ કોણ ગુનેગાર છે એ નક્કી કરવું મુશ્કેલ છે.છેતરપિંડીનો બીજો પ્રકાર છે લોન છેતરપિંડી.આમાં સોશિયલ મીડિયાના મારફતે અને વિવિધ લોન એપના માધ્યમથી લોભામણી ઓછા વ્યાજની સ્કિમ મોકલવામાં આવી છે અને ઝડપથી લોન આપી તમારા ડોક્યુમેન્ટ મેળવવામા આવે છે કોઈ પણ જાતના વેરિફિકેશન વગર આપવામાં આવતી લોન છેતરપિંડીવાલા હોય છે અને તેમાં પછી ઓનલાઇન રજીસ્ટ્રેશન ફી જેવી બીજી ફી ના નામે તમારી પાસે પૈસા પડાવવામા આવે છે છેતરપિંડીનો બીજો એક પ્રકાર જોઈએ તો કસ્ટમર કેર મારફત છેતરપિંડી આમાં ગુનેગાર બેન્કમાંથી બોલું છું કહી બનાવટી કોલ કરતા હોય છે તેમાં કે વાય.સી.અપડેટના નામ પર અથવા તમારા એ.ટી.એમ કાર્ડની મુદત પુરી થઈ ગઇ છે કહી તેવું કહી કાર્ડ રીન્યુ કરવાનું કહેવામાં આવે છે તમને મફત કાર્ડ આપવામાં આવે છે આમ અલગ અલગ રીતે વાતો કરી તમારા એકાઉન્ટની માહિતી મેળવી તમારા એકાઉન્ટ સાફ કરવામાં આવે છે માટે અજાણી લિંક ખોલવી નહી સસ્તું મેળવવાની લાલચ રાખવી નહી તેમજ કોઈને પણ તમારા બેંક એકાઉન્ટની માહિતી ભૂલેચુકે પણ આપવી નહી.આપણે સાવધાની રાખીશું તો જ બચીશું જાગૃત બનવું પડશે

# "ફેશન મીટ મીડિયા: એનઆઈએફટી ગાંધીનગરનું વર્કશોપ સ્ટાઈલ અને આંતરદ્રષ્ટિ સાથે ચમક્યું"

ફેશન અને પત્રકારિતાનો સમન્વય સાધીને ગાંધીનગરના નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી (એનઆઈએફટી) દ્વારા "મેકિંગ સેન્સ ઓફ ફેશન/ફેશન રિપોટ'ગ" નામના એક વિશેષ વર્કશોપ માટે ગુજરાત મીડિયા ક્લબ સાથે ભાગીદારી કરી. એનઆઈએફટી, ગાંધીનગરના વિઝનરી ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. સમીર સૂદ અને ગુજરાત મીડિયા ક્લબના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા મળી.

વર્કશોપ પોતાના ફેશન અંગેના જ્ઞાનને શેર કરનારા એક્સપર્ટ્સ ના એક સ્ટાર સ્ટડેડ લાઈનઅપ સાથે શરુ થઈ. ડૉ. જાગૃતિ મિશ્રાએ નીફ્ટ અને ફેશન રિપોટ'ગના મનોહર વિશ્વની અને તેની આંતરદ્રષ્ટિ વિશે ઊંડાણ પૂર્વક સમજણ આપી. ફેશન અને ડિઝાઈન ક્ષેત્રના એક્સપર્ટ શ્રી રવિ જોશીએ પોતાના જ્ઞાનથી પાર્ટીસીપન્ટસને મંત્રમુગ્ધ કરી દીધા. સુશ્રી સુમિતા અગ્રવાલે ફેશન અને ક્રાફ્ટ માટે ટેક્સટાઈલના ઉપયોગ અંગે અદ્ભુત જાણકારી આપી, જ્યારે શ્રી રણજીત કુમારે ફેશન એક્સેસરીઝના ગ્લેમરસ ક્ષેત્ર વિશેની જાણકારી આપી.ડૉ. વંદિતા શેઠે ફેશન ઈન્ટલેક્ટ વિશે વાત કરીને એનઆઈએફટીના મહત્વપૂર્ણ જોડાણો વિશેની માહિતી પૂરી પાડી.એનઆઈએફટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. સમીર સુદે જણાવ્યું કે વર્કશોપનો ઉદ્દેશ્ય વિશેષ રૂપથી મીડિયાના મિત્રો માટે ફેશનની રહસ્યમય દુનિયાને ઉજાગર કરી સમાજ અને નીફ્ટની ગતિશીલ કાર્યવાહી વચ્ચેના અંતરને ઓછું કરવું જોઈએ. આ વિશેષ અવસર પર પ્રેસ અને મીડિયા પ્રોફેશનલ્સને ફેશનની દુનિયામાં ઊંડા ઉતરવા અને તેના સતત વિકસિત થઇ રહેલા પરિદ્રશ્ય માટે મહત્વપૂર્ણ અંતરદ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટેના દ્વારા ખોલ્યા. પ્રોફેસર સુદે ભાર આપતા કહ્યું કે " અમારું માનવું છે કે આ પ્રકારની વાતચીત અને સહયોગથી પાર્ટીસીપન્ટસને ઘણો લાભ થશે અને આપણા સમાજમાં ફેશન માટે વ્યાપક સમજ ફેલાવવા યોગદાન મળશે.

"ફેશન રિપોટ'ગ" વર્કશોપ ગુજરાત મીડિયા ક્લબની એક નવીનતમ અને અનોખી પહેલ છે. જીએમસીના વર્કશોપનો ઉદ્દેશ્ય ફિલ્ડ રિપોર્ટર્સની ક્ષમતા અને કૌશલ્યમાં વધારો કરવાનો હોય છે, જેથી તેઓ પોતાના સંબંધિત મીડિયા ડોમેનમાં ઉચ્ચતમ પ્રકારનું કન્ટેન્ટ આપે.

# ગાંધીનગર યુનિવર્સિટીમાં દવાઓની આડઅસર વિશે માહિતી અપાઇ

ગાંધીનગર યુનિવર્સિટીના ફાર્મસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા અમદાવાદની જીએમઆરએસ મેડિકલ કોલેજ ખાતે વિવિધ દવાઓની આડઅસર વિશે માહિતી આપતો અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સોલા સિવિલ ખાતે આવેલા દર્દીઓ અને તેમના સગાઓને ફાર્મસીના વિદ્યાર્થીઓ દ્વારા દવાઓની આડઅસર વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં સોલા સિવિલ હોસ્પિટલના એડીઆર મોનિટરિંગ સેન્ટરના હેડ ડૉ. મુકેશભાઈ વોરા અને ચીફ ફાર્માસિસ્ટ ચિરાગ સોલંકીએ પણ લોકોને વિવિધ દવાઓની આડઅસર વિશે માહિતી આપી હતી. તેમજ ગાંધીનગર ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસીના પ્રિન્સિપાલ ડૉ. કૌશિક કનાડાએ પણ લોકોને જણાવ્યું હતું કે, દવાની આડઅસર વિશે માહિતી મળે તો તુરંત એડીઆર મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લેવી.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું